# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-01-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર અનીલ પટેલ વાંચે છે.

**************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 76મા પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને નામ સંબોધન કરતા ભારતીય બંધારણને જીવંત દસ્તાવેજ ગણાવ્યો

2) રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ આવતી કાલે નવી દિલ્હીમાં કર્તવ્ય પથ ખાતે 76મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં રાષ્ટ્રની આગેવાની લેશે.

3) સાબરકાંઠાના સામાજિક કાર્યકર સુરેશસોની અને સુરેન્દ્રનગરના વણકર લવજીભાઈ પરમાર ને પદ્મશ્રી પુરસ્કારની જાહેરાત

4) ભારત અને ઇન્ડોનેશિયાએ આરોગ્ય, પરંપરાગત દવા, દરિયાઈ સલામતી, સાંસ્કૃતિક આદાનપ્રદાન સહિતનાં ક્ષેત્રોમાં સંધિઓનું આદાનપ્રદાન કર્યું

5) ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની ટી-20 શ્રેણીની બીજી મેચમાં ભારતે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી

.....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PRESIDENT SPEECH

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 76મા પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ દેશવાસીઓને શુભેચ્છા વ્યક્ત કરી હતી. રાષ્ટ્રને નામ સંબોધન કરતા સુશ્રી મુર્મુએ ભારતીય  બંધારણને જીવંત દસ્તાવેજ ગણાવતા જણાવ્યું કે, આપણું બંધારણ, આપણી સામૂહિક અસ્મિતાનો મૂળ આધાર છે, જે આપણને એક પરિવારની જેમ એકતાના સૂત્રની જેમ બાંધી રાખે છે. છેલ્લાં 75 વર્ષમાં બંધારણે આપણી પ્રગતિનો માર્ગ પ્રશસ્ત કર્યો છે.

રાષ્ટ્રપતિએ માતૃભૂમિને વિદેશી શાસનમાંથી મુક્ત કરવા બલિદાન આપનારા તમામ શૂરવીરોને યાદ કરીને તેમને શ્રધ્ધાંજલી  આપી હતી.

રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, દેશનાં ખેડૂત ભાઇ-બહેનોએ ખૂબ મહેનત કરીને આપણા દેશને અનાજનાં ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવ્યો. તાજેતરનાં વર્ષોમાં આર્થિક વિકાસનો દર સતત ઊંચો રહ્યો છે, જેને કારણે યુવાનો માટે રોજગારીની તકો સર્જાઇ છે અને લોકો મોટી સંખ્યામાં ગરીબીમાંથી બહાર આવ્યા છે.

તેમણે જણાવ્યું કે, સરકારે નાણાકીય સર્વસમાવેશિતાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે અને મકાનો તથા પીવાના પાણી જેવી પાયાની સુવિધાઓ પૂરી પાડીને જનકલ્યાણને નવી વ્યાખ્યા આપી છે.

ગુજરાતના વડનગરમાં પ્રથમ આર્કિયોલોજિકલ એક્સપિરિઅન્શિયલ મ્યુઝીયમનાં નિર્માણ અંગે તેમણે ખુશી વ્યક્ત કરી હતી. તેમણે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા સંસ્થા-ઇસરોએ પ્રાપ્ત કરેલી ઉપલબ્ધિઓનો, ઓલિમ્પિક અને પેરાલિમ્પિક ગેમ્સમાં ભારતીય ખેલાડીઓનાં ઉત્કૃષ્ટ દેખાવનો ઉલ્લેખ કર્યો હતો.

## PRESIDENT AWARDS

પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ પોલીસ, અગ્નિશમન દળ, હોમગાર્ડ, નાગરિક સંરક્ષણ અને સુધારાત્મક સેવાઓના કુલ 942 કર્મચારીઓને શૌર્ય અને સેવા ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત, 101 પ્રતિષ્ઠિત કર્મચારીઓને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક અને 746 કર્મચારીઓને પ્રશંસનીય સેવા માટે ચંદ્રક એનાયત કરવામાં આવ્યા છે.

## REPUBLIC DAY DELHI

રાષ્ટ્ર આવતી કાલે 76મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ નવી દિલ્હીમાં કર્તવ્ય પથ ખાતે પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં રાષ્ટ્રની આગેવાની લેશે.

પ્રસ્તુત છે આ અંગે અમારા પ્રતિનિધીનો અહેવાલ

## (VOICE CAST: Anupam )

# PADMA AWARD

પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ પદ્મ પુરસ્કારની જાહેરાત કરી છે. જેમાં ગુજરાતનાં બે લોકોને પદ્મશ્રી જાહેર કરાયા છે. સાબરકાંઠા સામાજિક કાર્યકર સુરેશ સોની અને સુરેન્દ્રનગરના વણકર લવજીભાઈ પરમારને પદ્મશ્રીથી સન્માનિત કરાશે.

# SECRETARY REVIEW

આકાશવાણી અને દૂરદર્શન પર આવતીકાલે નવી દિલ્હીના કર્તવ્ય પથથી 76મા પ્રજાસત્તાક દિવસની પરેડનું જીવંત પ્રસારણ કરાશે. આ પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્કની સાથે સાથે ઑટીટી પ્લેટફૉર્મ-વેવ્ઝ પર પણ કરાશે. કર્તવ્ય પથ પર ગઈકાલે માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજૂએ આ પરેડના જીવંત પ્રસારણ માટે આકાશવાણી અને દૂરદર્શન દ્વારા કરાયેલી તૈયારીઓની સમીક્ષા કરી હતી.

# NATIONAL VOTERS' DAY’

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું છે કે, ભારતની લોકશાહી આધુનિક વિશ્વ માટે અનોખું ઉદાહરણ છે.

નવી દિલ્હીમાં 15મા રાષ્ટ્રીય મતદાતા કાર્યક્રમમાં સંબોધન કરતા રાષ્ટ્રપતિ મુર્મુએ જણાવ્યું કે, ભારત સમાવેશી લોકશાહની આકર્ષક ઝલક ચૂંટણીમાં જોવા મળે છે. સુશ્રી મુર્મુએ ભારતીય લોકશાહી માટે આ મુજબ જણાવ્યુઃ

## (BYTE PRESIDENT DEMOCRACY)

રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, ચૂંટણીઓમાં મહિલાઓની ભાગીદારી સમાજ અને દેશનાં એકંદર વિકાસનો મહત્વનો સંકેત છે. તેમણે જણાવ્યું કે, 85 વર્ષથી વધુ વયના મતદારો, દિવ્યાંગ મતદારો અને અંતરિયાળ વિસ્તારમાં રહેતા આદિવાસી મતદારો માટે ચૂંટણી પંચે વિશેષ પ્રયત્નો કર્યા છે.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું કે, ભારતમાં હાલ 99 કરોડ મતદારો છે. દેશમાં ટૂંક સમયમાં 1 અબજથી વધુ મતદારોનો વિક્રમ સર્જાશે.

મતદાન અંગે જાગૃતિ ફેલાવવા નવીન કાર્યક્રમો રજૂ કરવા બદલ દૂરદર્શનને પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો હતો. દૂરદર્શનનાં મહાનિદેશક કંચન પ્રસાદે આ પુરસ્કાર સ્વીકાર્યો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# INDIA-INDONESIA TALKS

ભારત અને ઇન્ડોનેશિયાએ આજે આરોગ્ય, પરંપરાગત દવા, દરિયાઈ સલામતી, સાંસ્કૃતિક આદાનપ્રદાન અને ડિજિટલ વિકાસના ક્ષેત્રોમાં સંધિઓનું આદાનપ્રદાન કર્યું હતું. આ પ્રસંગે ત્રીજા ભારત-ઇન્ડોનેશિયા સીઈઓ ફોરમનો અહેવાલ પણ રજૂ કરવામાં આવ્યો હતો.

નવી દિલ્હીમાં ઇન્ડોનેશિયાના પ્રમુખ પ્રબોવો સુબિયાન્ટો સાથે દ્વિપક્ષીય અને પ્રતિનિધિમંડળ સ્તરની મંત્રણા બાદ પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે, 2018માં તેમની ઇન્ડોનેશિયાની મુલાકાત દરમિયાન બંને પક્ષોએ ભાગીદારીને સર્વગ્રાહી વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિવર્તિત કરી છે.

શ્રી મોદીએ દ્વિપક્ષીય સહકાર અંગે આ મુજબ જણાવ્યુઃ

## (BYTE PM MODI INDONESIA)

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, બંને પક્ષોએ ફિનટેક, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ઇન્ટરનેટ ઓફ થિંગ્સ અને ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવાં ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકારને વધુ મજબૂત બનાવવાનો પણ નિર્ણય લીધો હતો.

ઇન્ડોનેશિયાના પ્રમુખ સુબિયાન્ટોએ ભારતની પ્રથમ સત્તાવાર મુલાકાતમાં ભવ્ય સ્વાગત કરવા બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

# CRICKET IND-ENG

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની ટી-20 શ્રેણીની બીજી મેચ હાલ ચેન્નઈમાં રમાઈ રહી છે. ભારતે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી છે. ઇંગ્લેન્ડ શરૂઆત નબળી રહી છે. ઇંગ્લેન્ડે માત્ર 6 રનના સ્કોરે જ ફિલિપ સૉલ્ટના રૂપમાં પ્રથમ વિકેટ ગુમાવી છે. અર્શદીપસિંઘની ઓવરમાં ફિલિપ સોલ્ટ 4 રન બનાવી કેચ આઉટ થયો હતો. છેલ્લા અહેવાલ પ્રમાણે ઇંગ્લેન્ડે 12 ઓવરમાં 5 વિકેટે 94 રન બનાવ્યા છે.

# AUSTRALIAN OPEN TENNIS:

ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ મહિલા સિંગલ્સની ફાઇનલમાં અમેરિકાની મેડિસન કીઝે રોમાંચક મેચમાં વર્તમાન ચેમ્પિયન આર્યના સબ઼ાલેન્કાને 6-3, 2-6, 7-5થી પરાજય આપ્યો હતો. કીઝે સબાલેન્કાને સતત ત્રીજી વાર ઓસ્ટ્રેલિયન ઓપનનો ખિતાબ જીતવાથી વંચિત રાખી હતી.

પુરુષ સિંગલ્સની ફાઇનલમાં આવતી કાલે વર્તમાન ચેમ્પિયન અને ટોચના ક્રમાંકિત ઇટલીના જન્નિક સિન્નર જર્મન ખેલાડી એલેકઝાન્ડર ઝ્વેરેવનો સામનો કરશે.

# AMIT SHAH DELHI CAMPAIGN

ભારતીય જનતા પાર્ટીએ આજે દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટેનો ત્રીજો સંકલ્પપત્ર બહાર પાડ્યો હતો, જેમાં યમુના નદીનો અમદાવાદની સાબરમતી રિવરફ્રન્ટ જેવો વિકાસ કરવાનો અને ભારત-પાકિસ્તાનનાં ભાગલા સમયે શહેરમાં સ્થાયી થયેલા શરણાર્થીઓને આપવામાં આવેલી મિલકતોનું લીઝહોલ્ડમાંથી ફ્રીહોલ્ડમાં રૂપાંતરણ કરવાનાં વચનનો સમાવેશ થાય છે.

સંકલ્પપત્ર રજૂ કરતા ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું કે, દિલ્હીમાં ભાજપની સરકાર આવશે તો યુવાનોને 50 હજાર નોકરીઓ આપવામાં આવશે. તેમણે 20 લાખ સ્વરોજગાર તકો ઊભી કરવાનું, તમામ ગરીબોને 10 લાખ રૂપિયાનો મફત વીમો, મહિલાઓને અઢી હજાર રૂપિયાની આર્થિક સહાય, 500 રૂપિયામાં સિલિન્ડર અને સગર્ભા મહિલાને 21 હજાર રૂપિયાની સહાયનું વચન આપ્યું હતું.

# MISRI CHINA VISIT

ભારત અને ચીન વચ્ચે વિદેશ સચિવ-ઉપમંત્રી સ્તરની બેઠક માટે વિદેશ સચિવ વિક્રમ મિશ્રી આવતીકાલથી ચીનના 2 દિવસના પ્રવાસે જશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, વિદેશ સચિવ ચીનમાં

તેમના સમકક્ષ, ઉપપ્રધાન સાથે મુલાકાત કરશે, જ્યાં દ્વિપક્ષીય હિતના તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

# WEF DAVOS

વૈશ્વિક પડકારો અને અનિશ્ચિતતાને પગલે સહકારની હાકલ સાથે સ્વિત્ઝર્લૅન્ડનાં દાવોસ ખાતે વિશ્વ આર્થિક મંચની બેઠકનું આજે સમાપન થયું છે.

સમાપન સંબોધનમાં વિશ્વ આર્થિક મંચના પ્રમુખ બોર્ગે બ્રેન્ડેએ આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા, કાર્બન ઉત્સર્જન ઘટાડવા અને સંઘર્ષોને સમાપ્ત કરવાનાં ઉપાયો શોધવા જેવી મહત્વપૂર્ણ પ્રાથમિકતાઓ પર તાત્કાલિક ધ્યાન આપવા પર ભાર મૂક્યો.

આર્થિક દ્રષ્ટિકોણ સત્ર દરમિયાન આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ-IMFvનાં મેનેજિંગ ડિરેક્ટર ક્રિસ્ટલિના જ્યોર્જિવાએ એ વાત પર પ્રકાશ પાડ્યો કે બદલાતી ભૂ-રાજકીય સ્થિતિ વેપાર અને આર્થિક સંબંધોને નવું સ્વરૂપ આપશે. મહત્વપૂર્ણ વૈશ્વિક અને પ્રાદેશિક પડકારોનો ઉકેલ શોધવા વિવિધ દેશો અને ઉદ્યોગોમાંથી આશરે 3 હજાર પ્રતિનિધીઓ દાવોસ સંમેલનમાં એકત્ર થયા હતા.